# India-China meeting of Army Commanders on June 06,2020

June 07, 2020

---

## 06 જૂન, 2020 નાં રોજ આર્મી કમાન્ડરોની ભારત-ચીન બેઠક

જૂન 07, 2020

તાજેતરનાં સપ્તાહોમાં, ભારત-ચીન સીમા પરનાં ક્ષેત્રોમાં પરિસ્થિતિને સંબોધવા ભારત અને ચીને સ્થાપિત રાજદ્વારી અને મિલિટ્રી ચેનલો મારફત સંચાર જાળવી રાખ્યો છે.

6 જૂન 2020 નાં રોજ સુશુલ-મોલ્ડો પ્રાંતમાં લેહ સ્થિત કોર્પ્સ કમાન્ડર અને ચીનનાં કમાન્ડર વચ્ચે એક બેઠક યોજાઇ હતી. તે સૌમ્ય અને સકારાત્મક વાતાવરણ વચ્ચે થઇ હતી. બન્ને પક્ષો વિવિધ દ્વિપક્ષીય સમજૂતિઓનાં અનુપાલનમાં અને દ્વિપક્ષીય સંબંધોનાં એકંદર વિકાસ માટે ભારત-ચીન સીમા પ્રાંતોમાં શાંતિ અને સુલેહ મહત્વપૂર્ણ છે તેવી નેતાઓ વચ્ચે થયેલી સમજૂતિને દ્રષ્ટિમાં રાખી સીમા ક્ષેત્રોમાં પરિસ્થિતિનું શાંતિપૂર્ણ રીતે નિરાકરણ લાવવા સંમત થયા હતા.

બન્ને પક્ષોએ એવી પણ નોંધ લીધી હતી કે આ વર્ષ બન્ને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવાની 70મી વર્ષગાંઠ અંકિત કરે છે અને સંમત થયા હતા કે વહેલુ નિરાકરણ સંબંધમાં વધુ વિકાસ તરફ યોગદાન આપશે.

તે મુજબ, બન્ને પક્ષો પરિસ્થિતિનું નિરાકરણ લાવવા અને સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ સુનિશ્ચિત કરવા માટે મિલિટ્રી અને રાજદ્વારી જોડાણો ચાલું રાખશે.

નવી દિલ્હી

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.